ઘણું અગત્યનું

જા.નં/મા-૨/પ્રવેશ/૨૦૨૧/ ૪૫૪૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા. ૦૫/૦૭/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ (સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર)
ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ) શાળાઓ.

વિષય:-ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પ્રવેશ બાબત.

સંદર્ભ:-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬ તા.૧૯/૦૬/૨૦૨૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સંદર્ભ દર્શિત પત્રથી રાજયની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ૩ (ત્રણ) મુખ્ય વિષયો [ગણિત, વિજ્ઞાન, અને અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)] માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઇ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિ (૭%) | ૦૫ |
| ૨ | અનુસુચિત જનજાતિ (૧૫%) | ૧૧ |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (૨૭%) | ૨૦ |
| ૪ | આર્થિક રીતે નબળા વર્ગો (EWS) (૧૦%) | ૦૮ |
| ૫ | પોતાની શાળા | ૨૫ |
| ૬ | અન્ય શાળાના (જે શાળામાં ધોરણ - ૧૧ વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધોરણ-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે | ૦૬ |
| | કુલ | ૭૫ |

ઉપર મુજબ પ્રવેશ કાર્યવાહી કરવા માટે શાળા કક્ષાએથી તા.૦૫/૦૭/૨૦૨૧ થી ૦૭/૦૭/૨૦૨૧ સુધી પ્રવેશ ફોર્મ વિતરણ કરી જમા મેળવવાના રહેશે.

H:\RANJANBEN\ANIL BACKUP\M-2\School paripatrma-2.doc

Scanned with CamScanner

➢ દરેક શાળાએ પોતાના ઉતીર્ણ વિદ્યાર્થીઓનું મેરીટ લીસ્ટ બનાવી શાળાના નોટીસ બોર્ડ પર જાહેર કરવું.

➢ લઘુમતી શાળાઓએ પોતાની શાળાના ૬૯ વિદ્યાર્થીઓ, અન્ય શાળાના ૬ વિદ્યાર્થીની પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.

| પ્રવેશ યાદી | જાહેર કરવાની તારીખ | ફી ભરવાની તારીખ |
|---|---|---|
| પ્રથમ | તા.૦૮/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ કલાકે | તા.૦૮/૦૭/૨૦૨૧ અને ૦૯/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ થી સાંજે ૦૫ : ૦૦ |
| દ્વિતીય | તા. ૧૦/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ કલાકે | તા.૧૦/૦૭/૨૦૨૧ અને ૧૨/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ થી સાંજે ૦૫ : ૦૦ |
| તૃતીય | તા. ૧૩/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ કલાકે | તા.૧૩/૦૭/૨૦૨૧ અને ૧૪/૦૭/૨૦૨૧ સવારે ૧૧ : ૦૦ થી સાંજે ૦૫ : ૦૦ |

ઉપર મુજબની પ્રવેશ કાર્યવાહી શાળા કક્ષાએ પૂર્ણ થતા તા.૧૫/૦૭/૨૦૨૧ નાં રોજ સરકારી
અને સહાયક અનુદાન મેળવતી તમામ શાળાઓએ શાળાકક્ષાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતાં પોતાના
ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની ખાલી રહેતી બેઠકની સંખ્યાની વિગત પોતાના બીટ મદદનીશ શિક્ષણ
નિરીક્ષકશ્રી (A E I) મારફત કેન્દ્રીય ભરતી પ્રક્રિયા માટે મોકલી આપવાની રહેશે.

શાળાકક્ષાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રવેશ વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે
કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ તા.૧૬/૦૭/૨૦૨૧ અને તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ ટી.એન્ડ ટી.વી.
સાર્વ.હાઇસ્કુલ, નાનપુરા, સુરત,ખાતેથી સવારે ૧૧ : ૦૦ કલાક થી સાંજે ૦૫ : ૦૦ કલાક દરમ્યાન
મેળવી તેજ દિવસે ફોર્મ ભરી વિતરણ કેન્દ્ર પર પરત જમા કરાવવાના રહેશે.

પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી ટી.એન્ડ ટી.વી. સાર્વ.હાઇસ્કુલ, નાનપુરા, સુરત,
ખાતે તા.૨૦/૦૭/૨૦૨૧ ના સવારે ૧૦ : ૩૦ કલાકે કરવામાં આવશે.

ઉપરોકત તમામ પ્રવેશ કાર્યવાહી માટે સંદર્ભદર્શિત પત્રેનો અમલ તેમજ સરકારશ્રીના આદેશ
અનુસારની COVID-19 ની વખતોવખતની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

નકલ રવાના:-
પ્રતિ,
આચાર્યશ્રી,
ટી. એન્ડ ટી.વી. સાર્વ હાઈ. નાનપુરા
સુરત.

H:\RANJANBEN\ANIL BACKUP\M-2\School paripatrma-2.doc